PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ મે - ૨૦૨૩, અંક નં. ૧૨૫ / ૪૯૧

## દિવ્યાંગોને ઓશિયાળા બનતા અટકાવી, આત્મનિર્ભરતા તરફ લઈ જાય છે દિશા કમ વિકાસ પ્રોજેક્ટ



નેશનલ ટ્રસ્ટ દ્વારા PNR માં ૨૦૧૯થી કાર્યરત છે આ દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

પેજ નં. પાંચ ઉપર

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 May - 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર



સંસ્થાનું અભિવાદન


ઓક્ટેન્ટ હોટલમાં સંસ્થાના બાળકો


'સ્માર્ટ ટી.વી. દ્વારા શિક્ષણ'


ઈસ્કોન ક્લબમાં સંસ્થાના બાળકો - સ્ટાફ


ધો. ૮ ના બાળકોનો શુભેચ્છા સમારંભ


પી. આર. વાઘર આર્ટિફિશ્યલ લિમ્બ સેન્ટર દ્વારા યોજાયેલ કેમ્પ


નંદકુંવરબા શાળાની વિદ્યાર્થીનીઓની મુલાકાત

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . . ૦૪
- દિવ્યાંગોને ઓશિયાળા બનતા અટકાવીએ . . . . ૦૫
- શાળાનું ગૌરવ વધારતા ડૉ. કવિતાબેન પી. શાહ . ૦૬
- આહુતિ ધંધુકિયાની ઉંચી ઉડાન . . . . . . . . . . ૦૬
- મહિલા પ્રગતિ કેન્દ્ર દ્વારા સર્ટિફીકેટ વિતરણ . . . ૦૮
- વિવિધા . . . . . . . . . . . . . . . . . . . . ૦૮
- પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ. . . . . . . . . . . . . ૦૯
- બાળકોને શોધવા અસેસમેન્ટ કેમ્પનું આયોજન . . ૦૯
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . ૧૦
- ડૉક્ટરશ્રીઓનું પી.એન.આર. હોસ્પિટલમાં સ્વાગત ૧૦
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર . . ૧૧
- નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા . . . . . . . . . . . . . . ૧૨
- અંબા સી.પી. હૉસ્ટેલ . . . . . . . . . . . . . ૧૩
- યુવક સંમેલન મુંબઈ - લાઈબ્રેરી . . . . . . . . ૧૩
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્ક્લુઝિવ સ્કૂલ . . . . ૧૪
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . . . . . ૧૫
- સાફલ્ય ગાથા . . . . . . . . . . . . . . . . ૧૬
- એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ. . . . . ૧૬
- શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ) . . . . . . . . . . . . . ૧૭
- શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . ૧૮
- શ્રીમતી પી.આર. વાધર સાધન સહાય વર્કશોપ . . ૧૯
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (હિયરિંગ ઈમ્પાયર્ડ) . . . . . . . . . . . . . ૨૦
- 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા . . . . . ૨૧
- સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર આઈ.ડી. ચિલ્ડ્રન . . . . ૨૧
- ડોનેશન લિસ્ટ . . . . . . . . . . . . . . . . ૨૨
- પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર . . . . ૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## દિવ્યાંગો અને વેકેશન

સામાન્ય સ્કૂલની સાથે આપણી સી.પી. સ્કૂલ, કે.એલ., 'અંકુર', અંધશાળા વિ. માં પણ ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન શરૂ થઈ ગયું છે. સામાન્ય રીતે વેકેશન એ બાળકો માટે પરીક્ષામાં પાસ થઈ, શિક્ષણ કાર્યમાંથી છુટ્ટી, મોઝ-મઝા, રમત-ગમત અને પ્રવાસ-પર્યટનનો કાર્યક્રમ હોય છે. આપણી સ્પે. શાળાના વિદ્યાર્થીઓ પણ આ રીતે વેકેશન માણતા હોય છે, એવી આપણી સામાન્ય સમજ હોય છે.

પરંતુ આપણી આ હોસ્ટેલો સાથેની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના એવા કેટલાયે કિસ્સા છે, જેમાં વેકેશનમાં તેઓ ઘરે જવા ઈચ્છતા નથી. કારણ, અહીં જે એમને શિક્ષણ, તાલીમ, સારવાર, રમત-ગમત ઉપરાંત રહેવા-જમવાની સુંદર સગવડતાઓ પ્રાપ્ત થાય છે, તે ઉપરાંત તેઓને પોતાના સામાન્ય ઘર અને ગ્રામ્ય વિસ્તારના વાતાવરણ કરતાં, અહીં તેઓ પોતાના મિત્રો, ગૃહપતિ / માતા, કેરટેકર્સો જે તેમની ઉત્તમ પ્રકારે સેવા સુશ્રૃશા કરી, પ્રેમ-હૂંફ આપે છે તે પણ એક અગત્યનું કારણ છે.

મિત્રો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બે વેકેશન હોય છે, જે જરૂરી પણ છે, પરંતુ આપણી સંસ્થાઓમાં ઓફિસ સ્ટાફ, તજજ્ઞો, ડૉક્ટરશ્રીઓ વેકેશનમાં પણ પોતાની ફરજ બજાવવા કાર્યરત હોય છે. સાથો-સાથ નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરતા આપણા સૌ હોદ્દેદારો અને કાર્યકરો વેકેશનમાં પણ પોતાના ઉદ્દાત-સેવાકીય કાર્યો માટે દરરોજ સંસ્થાઓમાં આવે છે, તેમને સેલ્યુટ કરવી જ જોઈએ.

✍ **કિરીટ રાઠોડ**

**વધારે દૂર જોવાથી ઈચ્છામાં...**
**ઘણું બધું નજીકથી જતું રહે છે.**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૨૫ / ૪૯૧**
  ૧૫ મે - ૨૦૨૩
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ००૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ,** ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



K. D. PADIA

## ◈ KLID Towards Wonders

The Secondary and Higher Secondary Schools of the K. L. Institute for the Deaf (KLID) began 'Education through Smart TV' as the deaf wards of the schools need more visual and written symbols and directions. Another glittering success of KLID has been recruitment of its 5 students in the Post Department of the Government of India. Language development, Mothers' Training and outing to important places by students of Primary School brought name to the Institute. KLID's P. R. Vadhar Artificial Limb Center assessed the need of 188 handicapped and distributed 323 aids and appliances. Two knee-brace camps (Raigarh and Bangalore) organised by the center had 185 beneficiaries. Teachers' Training College of KLID conducted Final Practical Examination and Internal Examination. One of the KLID Special teachers Smt. Kavita P. Shah was awarded Ph.D. for her Thesis in the field and she became the first special teacher of the KLID to get such honour.

## ◈ Cerebral Palsy School, Disha cum Vikas Project on the Move

For general awareness of some disabilities the Nataraj Cerebral Palsy School organized Celebration of World Autism Day and World Down Syndrome Day by inviting experts in the field. A workshop arranged by the school for awareness for Autism drew large awareness. A Mega Assessment of disability was organized and 72 children were assessed. Disha cum Vika Project assigned by National Trust continued its progress in rehabilitating children with disability. Out of children under care of the project 10 special children were admitted to Hightech Inclusive School of the Institute.

## ◈ 'Ankur' Special School for Mentally Retarded Children

Apart from organizing world days for different disabilities the school went a step ahead and organised seminar inviting experts from other institution so that mutual channel of exchange of experience and information remains alive. Its Bhanuvadi Vocational Center organized Educational Tour of its 100 wards as a part of Bagless Education and Skill Training Programme. Ankur' Teachers' Training College organized "World Autism Awareness Day" in which many parents participated.

## ◈ Other Activities

Educative programmes of Hightech Inclusive School, Medical Services of PNR Special Hospital, Surgeries of Lady Egremont Padiatric Ophthalmic Center under Pravinchandra Dalal Prevention Center, Handing over of Laptops to disabled youth of Talaja taluka for Computer Training by AT&T Technology Institute, Library activity, Tour of Parkinson's patients, Distribution of Certificates to women of Mahila Pragati Kendra, success stories and important news form the part of this issue.



# દિવ્યાંગોને ઓશિયાળા બનતા અટકાવી, આત્મનિર્ભરતા તરફ લઈ જાય છે દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## નેશનલ ટ્રસ્ટ દ્વારા PNR માં ૨૦૧૬થી કાર્યરત છે આ દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી દ્વારા મંદબુધ્ધિ, સી.પી. તથા બહુવિધ દિવ્યાંગતા જેવી બીમારીગ્રસ્ત બાળકો માટે દેશભરમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટ ચાલી રહ્યાં છે. ભાવનગરમાં પણ પી.એન.આર. સોસાયટી નટરાજ દ્વારા આ **ડે કેર સેન્ટર** ચાલી રહ્યું છે. આ સેન્ટરમાં આ જ સુધીમાં ૭૦થી વધુ બાળકો આત્મનિર્ભર થયાની દિશામાં આગળ વધ્યા, તો હાલ ૪૦ આવા બાળકોની સાર-સંભાળ અને માવજત લેવામાં આવી રહી છે.

ભાવનગરમાં પી.એન.આર. સોસાયટી નટરાજ કેમ્પસમાં ૨૦૧૬ થી આ ડે કેર સેન્ટર ચાલી રહ્યું છે અને તેમાં સીપી જેવી માનસિક દિવ્યાંગતા ધરાવતા બાળકોની સારવાર, માવજત અને સાર-સંભાળ લેવામાં આવતી હોય છે.

આપણા માટે સામાન્ય એવી બાબતો જેવી કે, ઉભા રહેવું, ચાલવું, બેસવું સહિતની ક્રિયાઓ આવા બાળકો માટે ખૂબ અઘરી હોય છે અને અહીં ડૉ. અમિત મિત્રા (કો-ઓર્ડિનેટર અને સિનીયર ઓક્યુપેશનલ થેરાપિસ્ટ), ડૉ. નમ્રતા કે. દુધાગરા, ડૉ. લતા પી. અમરેલિયા (ફિઝીયો થેરાપિસ્ટ), શ્રી બીનાબેન એ. જાની અને જતીનભાઈ એચ. કોઠારી (સ્પે. એજ્યુકેટર), શ્રી હર્ષાબેન કે. પાડલિયા, શ્રી રીનાબેન આર. વસોયા (કેરગીવર્સ), શ્રી રેણુકાબેન એસ. જોષી (આયાબેન) આ ૭ સેવાભાવીઓની ટીમ તે માટે કામ કરી રહી છે. અહી સેરેબ્રલ પાલ્સી, મંદબુધ્ધિ ધરાવતા બાળકોને ફિઝીયોથેરાપી, એક્યુપેશનલ થેરાપી, સ્પેશિયલ એજ્યુકેશન, ક્રાફટ, વોકેશનલ ટ્રેનિંગ, સેન્સનરી ટ્રેનિંગ, બેલેન્સ ટ્રેનિંગ વિગેરે આપવામાં આવે છે. ઉલ્લેખનિય છે કે આ પ્રોજેકટમાં બીપીએલ કાર્ડ ધારકને એક પણ રૂપિયો ચુકવવાનો હોતો નથી.

આ પ્રોજેકટમાં બાળકોને તાલીમ દ્વારા તૈયાર કરી છેલ્લાં વર્ષ દરમ્યાન ૧૦ બાળકોને કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં તથા અન્ય નોર્મલ સ્કૂલમાં શિક્ષણ માટે દાખલ કરવામાં આવ્યાં છે તે મોટી સિધ્ધિ ગણી શકાય. પ્રોજેકટ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ સંગીત, રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા વિવિધ કોમ્પિટીશન અને તહેવારોની ઉજવણી પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ૧૦ થી ૧૮ વર્ષના મોટા બાળકોને પૂર્વ-વ્યવસાયિક તાલીમ દ્વારા વિવિધ વસ્તુ બનાવવી, જેમ કે પડિયા, રાખડી, ફાઈલ, પેપરબેગ, કોડિયા ડેકોરેશન, ગરબા, મની કવર વગેરે બનાવવા અને પછી તે વસ્તુનું વેચાણ કરતા પણ શીખવાડવામાં આવે છે.

આમ આ પ્રોજેકટ દ્વારા આ પ્રકારના દિવ્યાંગોને આત્મનિર્ભરતા બાજુ લઈ જવાય છે.



# ખી.લ. બહેરાં-મૂંગા શાળા અને PNR સોસાયટીનું ગૌરવ વધારતા ડૉ. કવિતાબેન પી. શાહ




દિવ્યાંગો માટે એક છત્ર નીચે વિવિધ પ્રવૃત્તિઓ અને અનેક સંસ્થાઓનું નેતૃત્વ કરતી PNR સોસાયટી તેની સેવા પ્રવૃત્તિ, વિવિધ ક્ષેત્રમાં વ્યાપ અને ખાસ કરીને દિવ્યાંગો માટે અહીં થતું કાર્ય અન્ય સામાજિક સંસ્થાઓ, સામાજિક કાર્યકરો અને સેવા સંસ્થાઓના વ્યવસ્થાપનના વિષય સાથે કામ કરતા લોકો માટે એક અભ્યાસરૂપ છે. આ સંસ્થા પર સૌ પ્રથમવાર આ જ સંસ્થાના કવિતાબેન પી. શાહએ પીએચ.ડી. કરીને આ દિશામાં આ મહત્વપૂર્ણ દસ્તાવેજીકરણ કરાવ્યું છે.

PNR સોસાયટીના સ્વપ્ન દ્રષ્ટા અને સ્થાપક શ્રી બાબાભાઈ શાહની પુત્રી અને આજ સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહના પત્ની ડૉ. કવિતાબેન પી. શાહ, શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા, ભાવનગરમાં મૂક-બધિર બાળકોના શિક્ષિકા તરીકે કાર્યરત છે, સાથે પોતે પણ આ ક્ષેત્રમાં સતત અભ્યાસસરત છે તેનો પુરાવો પણ આ સાથે પીએચ. ડી. કરીને આપ્યો છે. રાજસ્થાનની માધવ યુનિવર્સિટી શિક્ષણ વિભાગમાં 'એનજીઓ - પી.એન.આર. સોસાયટી ફોર રિલીફ એન્ડ રિહેબિલિટેશન ઓફ ધ ડિસેબલ્ડ ભાવનગર - એક અભ્યાસ' વિષય પર ડૉ. દિપક પંચોલીના માર્ગદર્શન તળે તેમણે પીએચ.ડી. પૂરું કરી, ડૉક્ટરેટની ઉપાધિ મેળવી છે. ઉલ્લેખનીય છે કે, માત્ર ત્રણ વર્ષમાં જ ડૉ. કવિતાબેને આ મહાનિબંધ કાર્ય પૂર્ણ કર્યાની વિશેષ નોંધ પણ યુનિવર્સિટીએ લીધી છે.

**'એનજીઓ - પી.એન.આર. સોસાયટી ફોર રિલીફ એન્ડ રિહેબિલિટેશન ઓફ ધ ડિસેબલ્ડ ભાવનગર - એક અભ્યાસ' વિષય પર ડૉ. દિપક પંચોલીના માર્ગદર્શન તળે તેમણે પીએચ.ડી. પૂરું કરી, ડૉક્ટરેટની ઉપાધિ મેળવી છે.**

PNR પરિવારના સદસ્ય તરીકે તેમની આ સિધ્ધિની નોંધ સમગ્ર ટ્રસ્ટી મંડળે લઈને આ કાર્ય માટે ડૉ. કવિતાબેન શાહને અભિનંદન પાઠવ્યા છે. ટ્રસ્ટીગણે જણાવ્યું હતું કે, 'પી.એન.આર. સોસાયટી પર પીએચ.ડી. કરી ડૉક્ટરેટ પદવી મેળવી, સંસ્થાને ગૌરવ અપાવ્યું છે અને દિવ્યાંગોના પુનઃસ્થાપન માટે કાર્યરત આ સંસ્થાનું વૈશ્વિક દસ્તાવેજીકરણ આ સાથે ઉપલબ્ધ કરાયું છે, તે આગામી સમયમાં PNR સોસાયટી અને અન્ય સંસ્થાઓને પણ ઉપયોગી થશે.'

# PNRના સહમંત્રી શ્રી ધીરૂભાઈ ધંધુકિયાની સુપુત્રી આહુતિ ધંધુકિયાની ઉંચી ઉડાન



શારીરિક દિવ્યાંગતા સાથે જન્મતી વ્યક્તિનું જીવન હંમેશા વિશેષ અને વિશિષ્ટ પડકારોભર્યું બની રહેતું હોય છે. વળી દિવ્યાંગતા પ્રત્યેની સામાજિક માન્યતાઓ અને દ્રષ્ટિકોણને કારણે પણ આવી વ્યક્તિએ પરિસ્થિતિ જન્ય પડકારોની સાથે-સાથે તીવ્ર સામાજિક-માનસિક સંઘર્ષ પણ વેઠવો પડતો હોય છે. આમ છતાં, આંતરિક હિંમત, આત્મવિશ્વાસ, દ્રઢ નિશ્ચય અને સતત ખંતથી અને માતા-પિતા તથા પરિવારના સહયોગથી જીવનને સફળતાપૂર્ણ અને પ્રેરણાદાયી બનાવી શકાય છે. તેનું જીવંત ઉદાહરણ ભાવનગરના આહુતિ ધંધુકિયાએ પૂરું પાડયું છે.

આહુતિના પિતાશ્રી ધીરૂભાઈ ધંધુકિયા આપણી PNR

## GPSC દ્વારા પસંદગી સચિવાલયમાં ભાષાંતરકાર બન્યા

GPSC દ્વારા પસંદગી થતા તેણે વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ સચિવાલય, ગાંધીનગર ખાતે ભાષાંતરકાર તરીકે પોતાની પ્રથમ સરકારી ફરજ (૨૦૦૪-૨૦૦૯) સુધી બજાવી હતી. ભાષા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા હિન્દી તાલીમ પરીક્ષામાં પ્રથમ ક્રમે પાસ થવા બદલ પ્રમાણપત્ર, તેમજ પુરસ્કાર ૨૦૦૭માં મેળવ્યો હતો. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ શાખા આયોજિત ગુજરાત રાજ્યના કર્મચારી-અધિકારીઓ માટેની વકતૃત્વ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમાંકે આવવા બદલ ૨૦૦૯માં પ્રમાણપત્ર, તેમજ ટ્રોફીથી પુરસ્કૃત કરાયા હતાં.

## મદ્રાસ IIT દ્વારા ઓનલાઈન કોર્સમાં રાષ્ટ્રિય કક્ષાએ પ્રથમ નંબર

ગુજરાત શિક્ષણ સેવા (વર્ગ-૨) માં ઉત્તીર્ણ થઈ સૌ પ્રથમ સર ભાવસિંહજી પોલીટેકનીક, ભાવનગર ખાતે અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે ૨૦૦૯ થી ૨૦૧૧ દરમિયાન ફરજ બજાવી હતી. તેમજ હાલમાં ભાવનગર ખાતેની સરકારી ઈજનેરી કોલેજ ખાતે અંગ્રેજીના સહાયક પ્રાધ્યાપક તરીકે સન ૨૦૧૧ થી કાર્યરત છે. તેઓએ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા સ્થાપિત ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ SWAYAM, આંતરરાષ્ટ્રિય પ્લેટફોર્મ Coursera પરથી વિવિધ Massive Open Online Course (MOOC) સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. ભારતની સર્વોચ્ચ ટેકિનકલ શૈક્ષણિક સંસ્થા IIT, મદ્રાસ દ્વારા તૈયાર કરવામાં આવેલ, "Disability Studies" ના ઓનલાઈન કોર્સની પરીક્ષામાં ૨૦૨૧માં રાષ્ટ્રિય કક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો છે. અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષા કૌશલ્યને કારણે ભારતના શિક્ષણ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલ ઓનલાઈન કોર્સના ગુજરાતીમાં ભાષાંતર માટે પણ સેવા આપી રહ્યા છે.

**સૌ. : સંદેશ દૈનિકપત્ર**

સોસાયટીમાં સહમંત્રી અને ન.ચ. ગાંધી મહિલા કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ અને અનેક સંસ્થાઓ સાથે જોડાયેલ છે, તેમની માતા શ્રીમતી શશીકલાબેન એસ.બી.આઈ.ના પૂર્વ કર્મચારી અને તેઓને એસ.બી.આઈ. તરફથી વિમેન એચિવર્સ-૨૦૧૨ નો એવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે.

એલબિનિઝમની પરિસ્થિતિને કારણે જન્મજાત માંડ ૨૦ - ૨૫ % જેટલી જ દ્રષ્ટિ ધરાવતી હોવા છતા આહુતિને સામાન્ય શાળામાં જ અભ્યાસ કરાવવાનો તેના માતા-પિતાએ નિર્ધાર કર્યો હતો. ૭૫% દ્રષ્ટિ-મર્યાદા સાથે ભણતી આહુતિનો અભ્યાસ શક્ય તેટલો સુગમ બની રહે તે માટે તેની શાળા દક્ષિણામૂર્તિએ જરૂરી સવલત પૂરી પાડવાનો પ્રયાસ કર્યો હતો. વર્ગખંડમાં પ્રથમ બેન્ચ પર બેસીને પણ બ્લેકબોર્ડ ન વાંચી શકનાર આહુતિને તેની માતા શશીકલા પોતાની કૌટુંબિક સામાજિક જવાબદારીઓ, પોતાની તત્કાલીન એસબીએસની નોકરીની સાથો-સાથ ધો. ૧૨ સુધીના તમામ વિષયો ઘરે ફરીથી ભણાવતા હતા. ગણિત-વિજ્ઞાન જેવા વિષયો માટે તો માતા પોતે પહેલા ટ્યુશન લેતા અને પછી આ વિષયો આહુતિને ભણાવતા હતા. બેવડો સંઘર્ષ કરીને પણ આહુતિ વર્ગમાં હંમેશા સર્વોચ્ચ રહેતી હતી. પોતાની આંખથી માંડ એકાદ ઈંચના અંતરે પુસ્તક રાખીને વાંચી લખી શકતી આહુતિ વિદ્યાર્થી તરીકે ખૂબ જ ઉદ્યમી હતી. દિવસભર સતત ૧૨-૧૫ કલાક જેટલું અભ્યાસરત રહીને ધો. ૧૨ ની પરીક્ષામાં આહુતિએ ભાવનગર કેન્દ્રમાં ૮ મું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.



**૨૦ થી ૨૫% દ્રષ્ટિ છતા કારકિર્દીમાં આસમાન સર કર્યું.**

પોતાની ક્ષમતા અને અભિરુચિ અનુસાર તેણે અંગ્રેજી સાહિત્યનું અધ્યયન કરવાનું પસંદ કર્યું હતું અને SNDT Women's University, મુંબઈ સંલગ્ન ભાવનગરની શ્રીમતી ન. ચ. ગાંધી મહિલા કોલેજમાંથી અંગ્રેજી સાહિત્યમાં B.A. અને M.A. ની ડિગ્રી પ્રાપ્ત કરી. B.A.. (English) વિષય માટે યુનિવર્સિટી કક્ષાએ સર્વોચ્ચ ગુણ મેળવવા બદલ એન.જી. દેશપાંડે ઈનામથી પુરસ્કૃત કરાઈ હતી. શિક્ષણ અને અધ્યાપન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતી આહુતિએ અગ્રેજી-સંસ્કૃત વિષય પધ્ધતિ સાથે B.Ed. પણ પૂર્ણ કરેલ છે. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી 'Teaching English' નો સર્ટિફીકેટ કોર્સ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

હાલમાં તેઓ "Disability Studies in Eanglish Literature" ના ક્ષેત્રમાં Ph.D. સંશોધન કાર્યના ભાગ તરીકે રાષ્ટ્રિય પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે ઓસમાનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ, જાદવપુર યુનિવર્સિટી, કોલકતા, લખનઉ યુનિવર્સિટી પુના વગેરે સ્થળે આંતરરાષ્ટ્રિય કોન્ફરન્સમાં રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન કરેલ છે તેમજ પ્રતિષ્ઠિત જર્નલ અને પ્રકાશકો દ્વારા ૮ સંશોધન પત્રો પ્રકાશિત થયેલ છે. ભાવનગર યુનિવર્સિટી દ્વારા ફેબ્રુઆરી, માર્ચ ૨૦૨૨ દરમિયાન આયોજિત સંશોધન પત્ર લેખન અને પ્રસ્તુતિ સ્પર્ધામાં પ્રથમ વિજેતા (ભાષા જૂથ) રહેલ છે. દિવ્યાંગ વ્યક્તિઓની સફળતાની ગાથાને ઉજાગર કરતી વેબસાઈટ Newz Hook દ્વારા પણ આહુતિ ધંધુકિયાની સંઘર્ષ અને સફળતાની સાદર નોંધ લઈ ૧૫ ઓકટોબર, ૨૦૨૦ ના

રોજ "International Girl Child Day" ના અવસર પર મહિલા સશક્તિકરણના પ્રેરક ઉદાહરણ તરીકે તેમની સંઘર્ષ યાત્રા અને સફળતાને પ્રસિધ્ધ કરવામાં આવી હતી.

સફળતા અંગે આહુતિ ધંધુકિયા કહે છે કે, 'સંઘર્ષ એ જ જીવન છે.' શેકસિપયરે ખરું જ કહ્યું છે. "Sweet are the Uses of Adversities" દ્રષ્ટિ મર્યાદા આંતર દ્રષ્ટિ અને આંતર સત્વને વધુ ઉજાગર કરી શકે છે. પ્રસંગોપાત મેળવેલ સિધ્ધિઓ નહીં પરંતુ સાતત્યપૂર્ણતા તે જ ખરી સફળતા છે. પ્રજાપતિ આહુતિ ધંધુકિયા જણાવે છે કે ''કુદરતે આપેલી પરિસ્થિતિ સાથેના જીવનમાં અનેક પડકારો આવતા રહ્યા. પરંતુ મમ્મી, પપ્પા, મારા ગુરુજનો અને મિત્રોના માર્ગદર્શન, સહાય, પ્રોત્સાહન અને હૂંફથી હું આ પડકારો ઝીલતી રહી અને પડકારોને પહોંચી વળવા સતત મથતી રહી.''

કુદરતદત્ત શારીરિક મર્યાદાઓ સાથેના કાંટાળા જીવન માર્ગ પર ચાલતા-ચાલતા પણ સફળતાની કેડી કંડારી શકાય છે તેવું આહુતિ ધીરૂભાઈ ધંધુકિયાએ પોતાના સંઘર્ષ અને સિધ્ધિઓથી સાર્થક કરી દેખાડયું છે.

## જયોતિ દલાલ મહિલા પ્રગતિ કેન્દ્ર દ્વારા સર્ટિફીકેટ વિતરણ

જયોતિ દલાલ મહિલા પ્રગતિ કેન્દ્ર અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન પી.એન.આર. સોસાયટી દ્વારા સિવણ કલાસનું આયોજન કરવામાં આવેલ. આ પ્રોજેકટ અંતર્ગત આપણે ૩ દિવ્યાંગ, ૩ વિધવા અને ૪ જરૂરતમંદ બહેનોને આમ કુલ ૧૦ બહેનોને સિવણની તાલીમ આપવામાં આવેલ.

આ ૬ મહિનાની તાલીમ બાદ તા. ૧૩ એપ્રિલ'૨૩ ના રોજ આ બહેનોને સિવણ કલાસના **સર્ટિફીકેટ વિતરણ** સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ અને એકસપર્ટ વિઝીટિંગ ફેકલ્ટી શ્રી અમીબેન દોશી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી કેતનભાઈ રૂપેરા, શ્રી જીજ્ઞેશભાઈ પારેખ, શ્રી શિતલબેન દવે (ફેકલ્ટી) હાજર રહેલ.

# વિવિધા

## સામૂહિક સંગીત મહોત્સવ

મુંબઈમાં મરીન ડ્રાઈવ પર કયારેક કોઈ એકલ દોકલ ગિટારિસ્ટ સાંજ પડે ગિટારના સૂર છેડતા હોય તેવું દ્રશ્ય તો બહુજ છે. પરંતુ, કયારેક કયારેક અહીં જાહેર સામૂહિક સંગીત મહોત્સવ જેવા દ્રશ્યો પણ સર્જાય છે. થાણેમાં ગડકરી રંગાયતનમાં તા. ૨૧ થી ૨૩ બાંસુરી ફેસ્ટિવલ થવાનો છે. તેમાં **ફ્લૂટ સિમ્ફનીના રિહર્સલ** માટે ૩૦ જેટલા બાંસુરી વાદકો મરીન ડ્રાઈવની પાળ પર ગોઠવાઈ ગયા હતા અને દરિયાના મોજાના ઘૂઘવાટની સાથે સૂર રેલાવ્યાં હતાં. આ બાંસૂરીવાદકોમાં **પ્રજ્ઞાચક્ષુ કિશોરો**, મહિલાઓ, સિનીયર સિટીઝન સહિતના કલાકારોનો સમાવેશ થતો હતો. કાયમ ટ્રાફિકના કર્કશ ઘોંઘાટથી ગાજતો આ વિસ્તાર સૂરોની આ અનોખી મહેફિલથી ડોલી ઉઠયો હતો.

**સૌ. : ગુજરાત સમાચાર, વડોદરા આવૃત્તિ**
**સંવાહક : પીયૂષભાઈ પારાશય**

## દરેક પ્રકારના દિવ્યાંગ હવે પોતાના નામે વાહન લઈ શકશે

એપ્રિલ માસથી દિવ્યાંગજન પોતાના નામે વાહન ખરીદી શકશે. તેમજ દિવ્યાંગજન વાહન તરીકે રજીસ્ટ્રેશન કરાવી શકશે. આજ સુધી ફકત ચાલવામાં અશકત દિવ્યાંગ ડ્રાઈવિંગ લાયસન્સ અને વાહન રજીસ્ટ્રેશન કરાવી શકતા હતા. વાહનને IC (ઈન્વેલીડ કેરીઅર) માર્ક રહેતો. અગાઉ અંધજન પોતાના નામે વાહન ખરીદી શકતા ન હતા, કારણ કે તેઓએ ડ્રાઈવર રાખવો પડતો હતા અને ડ્રાઈવરને IC વાહનને ચલાવવાની મનાઈ હતી. ભારત સરકારે તેમાં ફેરફાર કરેલ છે અને ડ્રાઈવરને IC વાહનને ચલાવવાની મંજુરી આપેલ છે, વળી આ પ્રકારની નવી વ્યવસ્થામાં દિવ્યાંગજનના વાહનને મળતા દરેક ટેક્ષ બેનીફીટ લઈ શકાશે.

**સૌ. : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા**

## દિવ્યાંગ ખેલાડીએ આંતરરાષ્ટ્રિય પેરા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ઈજિપ્તમાં ભારતનો ડંકો વગાડયો

### ભાવનગરની હેડ પોસ્ટ ઓફિસના પોસ્ટલ આસિસ્ટન્ટ અલ્પેશભાઈ સુતરિયાએ મેળવ્યો સિલ્વર

ભાવનગરની હેડ પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા અલ્પેશભાઈ સુતરિયા અને તેમના પત્ની સંગીતાબેન સુતરિયા બંને આંતરરાષ્ટ્રિય પેરા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ઈજીપ્ત ખાતે ભાગ લીધો હતો, જેમાંથી અલ્પેશભાઈ સુતરિયા ફાઈનલ મેચમાં ખૂબ જ રસાકસી બાદ દ્વિતીય સ્થાન મેળવીને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યું છે. અલ્પેશભાઈ ૮૦% દિવ્યાંગતા ધરાવે છે અગાઉ તેઓ નેશનલ પેરા ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ મેડલ પણ જીતી ચૂક્યા છે.



આ સ્પર્ધામાં દેશ-વિદેશમાંથી લગભગ ૨૩ જેટલાં દેશોના ખેલાડીઓએ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો.

**સૌ. : સૌરાષ્ટ્ર સમાચાર**



# પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ



કે. ડી. પડિયા

તા. ૯ એપ્રિલ ૨૩ વિશ્વ પાર્કિન્સન્સ દિવસ નિમિત્તે **પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ**, પી.એન.આર. સોસાયટી, ભાવનગર દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન લાખણકા ગામના **અલ્પદીપ** ફાર્મ હાઉસમાં કરવામાં આવ્યું હતું. કુલ ૪૦ સભ્યોએ આ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. આ ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ દર્દી અને તેના કેરગીવર્સમાં શારીરિક પ્રવૃત્તિઓ, સામાજિક ક્રિયા અને પ્રતિક્રિયા તથા માનસિક સ્વસ્થતાને પ્રોત્સાહન આપવાનો હતો.

ડૉ. ભાવિન માંડવિયા દ્વારા બધાનું સ્વાગત કરવામાં આવ્યું અને વિશ્વ પાર્કિન્સન્સ દિવસ વિશે પ્રાસ્તાવિક સમજૂતી આપવામાં આવી.

ત્યારબાદ મનોરંજન પ્રવૃત્તિ જેમ કે, નૃત્ય અને રમત-ગમત ડૉ. અમિત મિત્રા અને ડૉ. ચાંદનીબેન લાખાણી દ્વારા કરાવવામાં આવી. આ બધીજ પ્રવૃત્તિઓ ખાસ કરીને હલનચલન અને ફ્લેક્સિબિલિટી સમતોલ રાખવા માટે કરાવવામાં આવી, જે ખાસ કરીને વ્યકિતગત તેમજ પાર્કિન્સન્સ રોગ ધરાવતી વ્યકિતઓ માટે એક પડકારરૂપ છે. અહીંયા સૌને દરિયાકિનારા પર કુદરતી સૌંદર્ય વચ્ચે ચાલવું, ખેતરના શાંત અને સુંદર વાતાવરણની મજા આવી. સહભાગીઓ અને કેરગીવર્સ દ્વારા એકબીજાને મળવાનો અને આઉટડોર પ્રવૃત્તિઓનો ખૂબ આનંદ પ્રાપ્ત થયો.



# સ્લો-લર્નર તેમજ લર્નિંગ ડિસેબિલિટી ધરાવતા બાળકોને શોધવા અસેસમેન્ટ કેમ્પનું આયોજન

PNR સોસાયટી, ભાવનગર અને ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન - અમરેલીના સંયુકત ઉપક્રમે ચાલતા સ્લો-લર્નર પ્રોજેક્ટ અંતર્ગત ત્રીજા તબક્કામાં સ્લો-લર્નર, તેમજ લર્નિંગ ડિસેબિલિટી ધરાવતા બાળકોને શોધવા માટે અસેસમેન્ટ કેમ્પ કરવામાં આવેલ. તા. ૩૧ માર્ચ, ૨૩ ના રોજ સાવરકુંડલા તાલુકાની બ્રાન્ચ શાળા નં. ૬, ૭ & ૧૧ માં **અસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક્ષપર્ટ ફેકલ્ટી તરીકે જીનીયસ સુપરકીડ્સના ફાઉન્ડર શ્રીમતી બીજલબેન હરખાણી તથા સાયકોલોજીસ્ટ શ્રી દિવ્યાબેન પટોરિયાએ વિદ્યાર્થીઓનું એસેસમેન્ટ કર્યું હતું. કેમ્પના અંતે વાલીઓ, શિક્ષકો, આચાર્યો અને વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત શૈક્ષણિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

**સાવરકુંડલા તાલુકામાં નીચે મુજબના કેમ્પનું આયોજન કરવામાં આવેલ**

| શાળાનું નામ | તારીખ |
|---|---|
| બ્રાન્ચ શાળા નં. ૨ અને ૩ | ૧૮ જાન્યુ. ૨૩ |
| બ્રાન્ચ શાળા નં. ૧ | ૧૯ જાન્યુ. ૨૩ |
| બ્રાન્ચ શાળા નં. ૪ | ૦૨ ફેબ્રુ. ૨૩ |
| બ્રાન્ચ શાળા નં. ૯ અને ૫ | ૦૬ ફેબ્રુ. ૨૩ |



શ્રી દિવ્યાબેન પટોરિયા





# પી. એન. આર. હૉસ્પિટલ

✍ મહાસુખભાઈ જકડિયા



**માર્ચ -`૨૩ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૬૭ | ૦૫ |
| આંખ | ૧૦૩૭ | ૩૬૩ |
| આંખની છારી | ૪૪ | - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૩૧ | ૧૩૯ |
| ઓર્થોસ્કોપી | ૩૭ | - |
| ઓર્થોડેન્ટલ | ૧૮૧ | ૨૨૫ (ટ્રિટમેન્ટ) |
| જનરલ ઓપીડી | ૮૦૭ | - |
| એક્ષ-રે | ૭૬ | - |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| લેબોરેટરી | ૪૫૧ | ૧૫૩૮ (ટેસ્ટ) |
| ચામડી | ૨૮ | - |
| પેડિયાટ્રિક ડેન્ટલ | ૦૧ | ૦૩ |
| આંખના પડદા | ૨૩ | - |

**પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| પ્લાસ્ટિક સર્જરી | ૨૮ | ૧૫ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૦૭ | ૦૫ |
| રૂબેલા વેકિસન | ૦૩ | - |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૧૫૪** લાભાર્થીઓએ **રૂા. ૧૫,૬૭૦/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૨૩** દર્દીઓએ **રૂા. ૨,૯૪૦/-** ની સહાય મેળવેલ છે.

## ડૉક્ટરશ્રીઓનું પી.એન.આર. હોસ્પિટલમાં સ્વાગત



ડૉ. ભૌમિક શાહ

ડૉ. ભૌમિક શાહ M.D. ફિઝીશ્યન ડૉક્ટરશ્રીનું પી.એન.આર. હોસ્પિટલમાં સ્વાગત છે. હોસ્પિટલ ઉત્તમ સેવા આપવા હંમેશા અગ્રેસર છે. પી.એન.આર. હોસ્પિટલમાં આ M.D. ડૉક્ટરશ્રી તદ્દન સેવા ભાવના સાથે ફકત તપાસ ફી રૂા. ૧૨૦/- માં સોમ થી શુક્ર સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ સુધી તપાસી આપશે.



ડૉ. હેતલ લીંબાણી

પી.એન.આર. હોસ્પિટલમાં ડૉ. હેતલ લીંબાણી MBBS MDDA, FIPA (Germany) Fellow in Pain Management પેઈન એન્ડ સ્પાઈન (મણકા) ના નિષ્ણાંતાનું સ્વાગત છે. ભાવનગરમાં સૌ પ્રથમ એડવાન્સ ઈન્ટરવેન્શનલ પેઈન મેનેજમેન્ટ સારવાર તેઓએ શરૂ કરી છે. તેઓની તપાસ ફી રૂા. ૧૨૦/- છે, તેમનો સમય સોમ થી શનિ સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ છે.

**નોંધ : ઉપરોક્ત ડોક્ટરશ્રીઓ દર બુધવારે ૧૦ કેસ ફ્રી તપાસી આપશે, તે માટે અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.**





# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



જીજ્ઞેશ પારેખ

## પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :



તા. ૩ થી ૬ માર્ચ.`૨૩ ના રોજ **કોન્જીનીટલ ડિફોરમીટી પ્રોજેક્ટ** અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન દાતા શ્રી જીતેન્દ્રભાઈ ભણસાલી - મુંબઈના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૨૮** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી **૩** કપાયેલાં હોઠ, **૨** તાળવામાં કાણું અને **૫** પોસ્ટ બર્ન એમ કુલ **૧૦** ઓપરેશન મુંબઈના ડૉ. નરેશ વાધવાએ કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા, ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## Lady Egremont Pediatric Ophthalmic Centre :

- ત્રાંસી આંખનું ઓપરેશન બાળકની અમુક ઉંમર કે દેખાવાની દ્રષ્ટિ હોય તે દરમિયાન જો ન કરવામાં આવે તો બાળક ધીરે-ધીરે દેખાવાની દ્રષ્ટિ ગુમાવે છે. ત્રાંસી આંખ ચહેરાની સુંદરતાને મારી નાખે છે. આ બધું તો ઠીક પરંતુ જયારે નાના બાળકોને ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, બાળ મોતિયો, આંખમાં ફૂલુ વિગેરે તકલીફ હોય ત્યારે બાળકને ખૂબજ મુશ્કેલી પડતી હોય છે. આ ઉપરાંત આ ઓપરેશન ખૂબજ ખર્ચાળ હોય છે, જે સામાન્ય માણસને પરવડે તેમ ન હોય તેઓ કરાવી શકતા નથી. બધી સમસ્યાનું સમાધાન પી.એન.આર. સોસાયટી તથા દાતાશ્રીઓના સાથ સહકારથી પ્રિવેન્શન પાર્ટનરશીપ પ્રોગ્રામ



દ્વારા સારવાર-નિદાન અને ઓપરેશન થાય છે, અને તે પણ નિઃશૂલ્ક.

- Lady Egremont Pediatric Ophthalmic Centre, PNR Hospital માં કેમ્પ તા. ૩૧ માર્ચ અને ૧ એપ્રિલના રોજ સમીર ડાયમંડ પ્રા. લિ. મુંબઈના આર્થિક સહયોગથી ઓર્ગેનાઈઝ કરવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલમાં મુંબઈના જાણિતા Peadiatric Ophthalmic Surgeon Dr. Janak Shah (M.B. Do Bom.), (DO MS Bom) અને Dr. Preeti Shah આવેલ. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૫૩ બાળકોની તપાસ Dr. Janak Shah - Dr. Preesti Shah Peadiatric Ophthalmic સર્જન દ્વારા કરવામાં આવી હતી. જે પૈકી ત્રાંસી આંખ-૩, ટોસીસ-૨, નિસ્ટેગ્મશ (ઈન્જેકશન ટ્રાયસેન્સ)-૭, ફંડશ એન્ડ રિફ્રેકશન-૭ એમ કુલ ૧૯ ઓપરેશન કરવામાં આવ્યા હતાં. આ કેમ્પમાં ખૂબ જ સારો લોક પ્રતિભાવ મળેલ. આ કેમ્પને સફળ બનાવવામાં ડૉ. જનક શાહ તેમજ પી.એન.આર. હોસ્પિટલના સ્ટાફ તથા એનેસ્થેટિક ડૉકટર્સ તથા પ્રિવેન્શન વિભાગના શ્રી જીજ્ઞેશભાઈ પારેખે કેમ્પને સફળ બનાવવા સારી એવી જહેમત લીધી હતી.





# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

## મેગા અસેસમેન્ટ કેમ્પ :




તા.૧૮, ૧૯ માર્ચના રોજ **મેગા અસેસમેન્ટ કેમ્પ**નું આયોજન સોહમ ફાઉન્ડેશન - યુ.એસ.એ.ના સૌજન્યથી ઓક્યુપેશન થેરાપીસ્ટ ડૉ. અમિત મોર્ય તથા સ્પિચ થેરાપીસ્ટ ડૉ. અનિલ સિંઘ દ્વારા બાળકોનું અસેસમેન્ટ, તપાસ નિદાન અને સારવાર પ્લાન તૈયાર કરવામાં આવેલ. જેમાં કુલ ૭૨ લાભાર્થીઓ હતા. આ કેમ્પનું આયોજન ડૉ. એશા ભટ્ટ, ડૉ. ચાર્મિ રાઠોડ તથા શિક્ષક શ્રી વરૂણભાઈ વ્યાસની જહેમતથી કરવામાં આવ્યું હતું.

## ગેસ્ટ આઈટમ :



તા.૨૬ માર્ચ ને રવિવારના રોજ સ્મોલ વન્ડર પ્લે હાઉસના વાર્ષિકોત્સવમાં, નટરાજ સી.પી. સ્કૂલ, દિશા - વિકાસ પ્રોજેકટ અને ઓટિઝમ સ્કૂલના કુલ ૧૪ વિદ્યાર્થીઓ દ્વારા ગેસ્ટ આઈટમ રજૂ કરવામાં આવેલ. જે ઘણી જ પ્રશંસા પામેલ. આ કૃતિ શ્રી ખેવનાબેન ઓઝા, શ્રી જયોતિબેન પરમાર દ્વારા તૈયાર કરવામાં આવેલ. ઉપસ્થિત વિદ્યાર્થીઓની આ સુંદર અભિવ્યકિત માટે શ્રી વિમલભાઈ ત્રિવેદી દ્વારા ભાગ લેનાર દરેક દિવ્યાંગ બાળકને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યું હતું.

## ઓટિઝમ અવેરનેસ શિબીર :

તા.૨ એપ્રિલના રોજ રોટરી કલબ લાયન્સ દ્વારા મેઘાણી ઓડિટોરીયમ ખાતે યોજાયેલ **ઓટિઝમ અવેરનેસ શિબીર**માં સી.પી. સ્કૂલનાં આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીને તજજ્ઞ તરીકે આમંત્રિત કરવામાં આવ્યાં હતા. સાથે ડૉ. અંબર ગુપ્તા પણ જોડાયા હતા. આ શિબીરમાં બીજા અન્ય તજજ્ઞ દ્વારા ઓટિઝમગ્રસ્ત બાળકોનાં વાલીઓની માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

## વર્લ્ડ ઓટિઝમ ડે :



તા.૩ એપ્રિલના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત કે.એન. શાહ અર્લીઈન્ટરવેન્શન એન્ડ સ્કૂલ ફોર ધ ઓટિઝમ દ્વારા **વર્લ્ડ ઓટિઝમ અવેરનેસ ડે** નું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન શ્રી જીજ્ઞાબેન સોલંકીએ કરેલ. ઓટિસ્ટિક ભૂલકાઓ દ્વારા પ્રાર્થના, રેકોર્ડ ડાન્સ, ફેશન શો, થીમ ડાન્સ જેવી સાંસ્કૃતિક કૃતિઓ દ્વારા બધાને મંત્રમુગ્ધ કરી દિધા હતા. વાલીઓ દ્વારા સ્પેશ્યલ આઈટમ ગરબો પ્રસ્તુત કરી જાગૃતતાનાં સહભાગી થયા સાથે VI ના તાલીમાર્થીઓ દ્વારા કૃતિ રજૂ કરવામાં આવેલ. અમદાવાદનાં પ્રખ્યાત ન્યુરોસર્જન ડો. નિતીશ વોરા દ્વારા વાલીઓને માર્ગદર્શન આપી મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ અંગેનો સેમિનાર કરવામાં આવેલ વાલીઓની સહભાગીતા અને રિલેકસેશન માટે ખાસ અંતાક્ષરીનું પણ આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમનાં અંતે સમાજ જાગૃતિ માટે અવેરનેસ રેલીનું પણ આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી જયોતિબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરોકત તમામ કાર્યક્રમો શાળાના ઈન્ચાર્જ આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે કરવામાં આવ્યાં હતાં.

## વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડે :

તા. ૨૧ માર્ચના રોજ **વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડે** નિમિત્તે જાગૃતિ દિવસનું આયોજન કરવામાં આવેલ. જેમાં આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત સંસ્થાના માનદ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ. વિવિધ તજજ્ઞો દ્વારા ક્રમશઃ શાળાના મદદનિશ



શિક્ષક શ્રી વિભૂતિબેન દ્વારા ડાઉન સિન્ડ્રોમ એટલે શું ? તેના કારણો, લક્ષણો, રોકથામના ઉપાયો વિશે PPT ના માધ્યમથી સમજાવવામાં આવ્યું હતું. શાળાના ઓક્યુપેશનલ થેરાપિસ્ટ ડૉ. પ્રવિણ દેશમુખ દ્વારા ડાઉન સિન્ડ્રોમની સ્થિતિમાં ઓક્યુપેશનલ થેરાપી કઈ રીતે મદદ થય શકે છે, સાથે વિવિધ સેન્સરી થેરાપી અને સારવારનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અને નટરાજ સી.પી. સ્કૂલના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવેલ. વાલીશ્રી સોનલબેન દેસાઈ દ્વારા અન્ય વાલીઓને પ્રેરિત કરતી પોતાની સંઘર્ષ ગાથા સાથે વાલી માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ. TTV M.D. ના તાલીમાર્થીઓ દ્વારા અવેરનેસના ભાગરૂપે સામાન્ય શાળાઓમાં જઈ ડાઉન સિન્ડ્રોમવિષે જાગૃતતા ફેલાવવામાં આવેલ. કાર્યક્રમની આભારવિધિ શાળાના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવેલ તથા કાર્યક્રમ સંચાલન શ્રી વિભૂતિબેન વ્યાસે કર્યું હતું.



# અંબા સી.પી. હોસ્ટેલ

## માર્ચ-એપ્રિલ -૨૦૨૩

✍ લાલજી પંડ્યા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

- તા. ૧૬ માર્ચ ના રોજ શ્રી દિપભાઈ મકવાણા તરફથી...
- તા. ૧૯ માર્ચ ના રોજ સ્વ. ડૉ. સિમાબેન બલર તરફથી...
- તા. ૨૦ માર્ચ ના રોજ શ્રી મિતુલભાઈ નાવડિયા તરફથી...
- તા. ૨૧ માર્ચ ના રોજ શ્રી તરૂબેન જોધાણી તરફથી...
- તા. ૨૧ માર્ચ ના રોજ શ્રી બિંદુબેન દલાલ તરફથી...
- તા. ૨૨ માર્ચ ના રોજ શ્રી ઓમદેવસિંહ ગોહિલ તરફથી...
- તા. ૨૨ માર્ચ ના રોજ શ્રી વિનયભાઈ યાદવ તરફથી...
- તા. ૨૩ માર્ચ ના રોજ શ્રી શુભમભાઈ જાની તરફથી...
- તા. ૨૩ માર્ચ ના રોજ શ્રી ભાવિનભાઈ પટ્ટણી તરફથી...
- તા. ૫ એપ્રિલ ના રોજ શ્રી બલવીરસિંહ જાડેજા તરફથી...
- તા. ૧૧ એપ્રિલ ના રોજ શ્રી આરતીબેન પંડયા તરફથી...
- તા. ૧૧ એપ્રિલ ના રોજ શ્રી પ્રકાશભાઈ દોશી તરફથી...

### નાસ્તો

- તા. ૧૭ માર્ચ ના રોજ શ્રી પુરણીભાઈ રસોયા તરફથી...
- તા. ૧૯ માર્ચ ના રોજ શ્રી મનાલીબેન શાહ તરફથી...
- તા. ૨૨ માર્ચ ના રોજ શ્રી ભૂપતભાઈ શાહ તરફથી...
- તા. ૨૫ માર્ચ ના રોજ શ્રી અજયભાઈ સોજીત્રા તરફથી...
- તા. ૬ એપ્રિલ ના રોજ શ્રી બાબાભાઈ (સંસ્થાના ફાઉન્ડર) તરફથી...
- તા. ૧૨ એપ્રિલ ના રોજ શ્રી વિમલભાઈ પરમાર તરફથી...



# યુવક સંમેલન મુંબઈ લાઈબ્રેરી

✍ છાયા જોષી



### સિયોન કલાર્ક, પગ વિના જન્મેલો અને પ્રેરણાત્મક રેકોર્ડ-હોલ્ડિંગ એથ્લેટ :

જન્મ સમયે ત્યજી દેવાયેલા, પાલક ઘરોમાં ઉછરેલા, માર ખાધેલા અને ભૂખ્યા; કુસ્તીના કોચ અને દત્તક માતાએ આખરે તેનું જીવન બદલી નાખ્યું. હવે તેની પાસે ગ્રિનિઝ રેકોર્ડ છે. ૧૯૯૭માં જન્મેલા, સિયોજ કલાર્કને તેની માતા બનવા ઈચ્છતા વાલી દેવદૂત મળ્યા, તે પહેલાં તે ૭/૮ પાલક ઘરોમાં રહેતો હતો. તેણે કુસ્તી શરૂ કરી કારણ કે તે નબળાઈ અનુભવવા માંગતો ન હતો. હવે તે એક પ્રચંડ કુસ્તીબાજ

છે, તેણે ૨૦ મીટર માટે ૪.૭૮ સેકન્ડનો સમય લઈને હાથ પર ચાલવાનો ગ્રિનિઝ વર્લ્ડ રેકોર્ડ પણ નોંધાવ્યો છે.

### રિતિક પગથી પેઈન્ટ કરે છે :

રિતિક એક શારીરિક રીતે દિવ્યાંગ પણ ચિત્રકાર છે. તે પગ દ્વારા ચિત્રો દોરે છે. પ્રોફેશનલ આર્ટિસ્ટ બનવાનું તેનું સપનું છે. રિતિક તેના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે લગભગ ૪ વર્ષ પહેલા KPCT ફાઉન્ડેશન સાથે જોડાયો હતો. KPCT ફાઉન્ડેશન એ એક બીન-સરકારી સંસ્થા (NGO) છે, જે શારીરિક અને માનસિક દિવ્યાંગ લોકોને મદદ કરે છે.

તે તેમને ફાઈન આર્ટ્સમાં કારકિર્દી વિકસાવવા માટે તાલીમ આપે છે. આ NGO સમગ્ર ભારતમાં લગભગ ૪૨ કલાકારોને સપોર્ટ કરે છે.




## કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

### જલ શક્તિ અભિયાન-૨૦૨૩ :

શાળામાં ભારત સરકારના જલ સંસાધન વિભાગ દ્વારા તા. ૪ માર્ચ. ૨૩ થી 'સ્વચ્છ સુજલ શક્તિ સમ્માન' ની સાથે 'જલ શક્તિ અભિયાન-૨૦૨૩' શરૂ કરવામાં આવેલ છે, તે અંતર્ગત કે.એન. શાહ હાઈટેક સ્કૂલમાં 'સ્લોગન સ્પર્ધા' યોજવામાં આવેલ. આ સ્પર્ધામાં ધો. ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. વિદ્યાર્થીને પાણીનો બચાવ અને જળ સંરક્ષણની જરૂરિયાત, પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ, જળપ્રદૂષણ જેવી બાબતો પર ચર્ચા કરવામાં આવેલ અને પાણીની ઉપયોગિતા તથા તેના મહત્વ વિશે વિદ્યાર્થીને માહિતી આપવામાં આવી હતી.

### ધૂળેટી પર્વની ઉજવણી :



શાળામાં તા. ૭ માર્ચ. ૨૩ ના રોજ બાલમંદિર તેમજ ધો. ૧ થી ૧૧ ના તમામ વિદ્યાર્થીઓ માટે ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવેલ. તે અંતર્ગત તમામ વિદ્યાર્થીઓને ફ્રી યુનિફોર્મમાં બોલાવેલ. રંગબેરંગી ગુલાલથી ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવેલ. તેમાં ફાગણ સુદ પુનમના દિવસે હોળી પર્વની ઉજવણી કરવામાં આવે છે, તેના મહત્વ અને તેની સાથે જોડાયેલ હોલિકા અને પ્રહલાદની પૌરાણિક કથા શ્રી દક્ષાબેન પંડયાએ કહેલ. દરેક બાળકોએ ખૂબ જ આનંદ અને ઉત્સાહથી એકબીજા પર રંગ લગાવી ધૂળેટી પર્વની મજા માણી હતી. આ સાથે શિક્ષકો રંગોત્સવની ઉજવણીમાં ભાગ લીધેલ. આ કાર્યક્રમનું આયોજન શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું.

### વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી :




શાળામાં વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મહિલા કોલેજના નિવૃત પ્રિન્સિપાલ તથા સંસ્થાના ટ્રસ્ટી અને ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ શ્રી ડી.જે. ધંધુકિયા, માનદ મંત્રી શ્રી મયંકભાઈ ગોસાઈ, ગ્રાહક સુરક્ષા મંડળના કારોબારી સભ્ય શ્રી ગાયત્રીબેન ભટ્ટ, શ્રી જાનકીબેન પંડયા, મંત્રીશ્રી મીનાબેન ચોક્સી, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી એચ.પી. રાખશિયા, શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા, શિક્ષકગણ અને વિદ્યાર્થી મિત્રો હાજર રહેલ. આ કાર્યક્રમમાં ગ્રાહક સુરક્ષા મંડળના મંત્રીશ્રી મીનાબેન ચોક્સીએ ગ્રાહક સુરક્ષામાં થયેલ છેતરપિંડીની સત્ય ઘટના અને તેમની મદદ કેવી રીતે કરેલ તેની માહિતી વિદ્યાર્થીને આપેલ. ઉપરાંત શ્રી ડી.જે. ધંધુકિયાસરે પ્રસંગોચિત ઉદ્દબોધન અને જરૂરી માહિતી, તેમજ માર્ગદર્શન પૂરું પાડેલ અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર અને નાટકમાં ભાગ લેનાર વિદ્યાર્થીને ઈનામ આપી પ્રોત્સાહિત કરેલ.

### વિશ્વ ચકલી દિવસની ઉજવણી :

શાળામાં ચકલીના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે તા. ૨૦ માર્ચ. ૨૩ ના રોજ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવેલ. આ

કાર્યક્રમમાં ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ચકલીના માળા અને ચિત્ર બનાવ્યા હતાં. આપણને એમ થાય કે ભલા ચકલીના કોઈ 'દિવસ' ઉજવવાના હોય? ચકલીમાં તે વળી નવું શું? નાનપણમાં કદાચ સૌથી પહેલા જોયેલું, ઓળખેલું એકદમ જાણીતું પંખી એટલે ચકલી. હજુ બરાબર બોલવાનું પણ ન શિખેલા બાળકને પૂછીએ કે ચકી કેમ બોલે? તો તરત કહેશે કે ચીં, ચીં... ચકીબેન એ ઘર આંગણાનું પક્ષી છે. ભારત અને સમગ્ર વિશ્વમાં ચકલી પક્ષીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહયો છે. વિશ્વ ચકલી દિવસની ઉજવણીનો હેતુ લોકોને ચકલીના સંરક્ષણ અંગે જાગૃત કરવાનો છે ચકલીએ પૃથ્વી પરની સૌથી સામાન્ય અને સૌથી જૂની પક્ષી પ્રજાતિઓમાની એક છે. ચકલીઓ ઘટવાનું કારણ માળો બાંધવાની જગ્યાનો અભાવ, ખોરાકની ઉપલબ્ધતામાં ઘટાડો, ખેતરોમાં ઝેરી દવાઓનો છંટકાવ, મોબાઈલ-નેટના રેડિયેશન વગેરે છે. ચકલીની લુપ્ત થતી પ્રજાતિઓ અને ઘટતી જતી વસ્તી ચિંતાનો વિષય છે આવી પરિસ્થિતિમાં આ દિવસની ઉજવણી કરવાનું વિચારવું એ ખરેખર ચકલીઓ અને અદ્રશ્ય થઈ રહેલા પક્ષીઓના સંરક્ષણ માટે એક પ્રસંશનિય પગલું છે. આમ દરેક વિદ્યાર્થીઓને વિશ્વ ચકલી દિવસનું મહત્વ સમજાવેલ.

## ગ્રીન ડે ની ઉજવણી :

શાળામાં **ગ્રીન ડે** ની ઉજવણી કરવામાં આવેલ. બાલમંદિરના બાળકો લીલા વસ્ત્રો પરીધાન કરીને આવેલ. ગ્રીન ડે ઉજવણી નિમિતે શાળાના આચાર્યશ્રી તરફથી દ્રાક્ષનો નાસ્તો આપવામાં આવેલ. તેમજ બાળકોને ગ્રીન ડે નું મહત્વ, લીલા શાકભાજી અને ફળોથી થતા ફાયદા અને રોગપ્રતિકારક શક્તિ માટે લીલા શાકભાજી સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે વગેરે જેવી માહિતીથી બાળકોને માહિતગાર કરવામાં આવેલ. બાળકોએ લીલા વસ્ત્રો પહેરીને આનંદથી ગ્રીન ડે ની ઉજવણી કરવામાં આવેલ.

## ચકલીના માળા અને કુંડા વિતરણ કાર્યક્રમ :

શાળામાં તા. ૧૨ એપ્રિલ. `૨૩ ના રોજ ગીર ફાઉન્ડેશન અંતર્ગત શાળામાં ચાલતું ફ્લેમિંગો ઈકો કલબ દ્વારા ચકલીના માળા અને કુંડા વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, શ્રી ઈલાબેન શાહ, સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, સહમંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી એચ.પી. રાખશિયા, શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ૨૦ માર્ચ `૨૩ ના રોજ યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ૧ થી ૫ ક્રમાંક મેળવનારને ટ્રસ્ટીશ્રીઓના હસ્તે ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવેલ. તેમજ સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ તેમજ શ્રી ડી.જે. ધંધુકિયા સરે કાર્યક્રમ અંતર્ગત ચકલી સંરક્ષણ વિશે માહિતી તેમજ માર્ગદર્શન આપેલ. ઉપરોકત તમામ કાર્યક્રમોનું આયોજન શાળાના શ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



## ડાઉન સિન્ડ્રોમ ડે ની ઉજવણી :



તા. ૨૧ માર્ચના રોજ ડાઉન સિન્ડ્રોમ ડે ની વૈશ્વિક સ્તરે ઉજવણી કરવામાં આવે છે. નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા પણ ડાઉન સિન્ડ્રોમ ડે ની ઉજવણી ખુબજ ધામધૂમપુર્વક કરવામાં આવી હતી. જેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટ ના ડાઉન સિન્ડ્રોમ વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ દ્વારા **ફેશન શો**માં પર્ફોમ કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટની વિદ્યાર્થીની પૂજા શાહ દ્વારા **ઓમ સાઈ રામ** ગીત પર ડાન્સ કરવામાં આવ્યો હતો. પ્રોજેક્ટ ના વાલી દ્વારા બાળકના વિકાસ બાબતે પોતાનું મંતવ્ય આપવામાં આવ્યું હતું. સી.પી. સ્કૂલ દ્વારા રજુ કરવામાં આવેલ કૃતિ **લકડી કી કાઠી** માં પ્રોજેક્ટ ના ૪ બાળકોએ ભાગ લીધો હતો.

## સ્મોલ વન્ડર પ્લે હાઉસના વાર્ષિક ઉત્સવમાં ગેસ્ટ આઈટમ :

તા. ૨૯ માર્ચના રોજ સ્મોલ વન્ડર પ્લે હાઉસના વાર્ષિક ઉત્સવમાં નાના ભૂલકાઓ સાથે સી.પી. સ્કૂલ દ્વારા ગેસ્ટ આઈટમ તરીકે "લકડી કી કાઠી" તરીકે રજૂ કરવામાં આવેલ. જેમાં દિશા વિકાસના પ્રોજેકટના બાળકો દ્વારા સુંદર અભિનય કરવામાં આવ્યો હતો.

## વર્લ્ડ ઓટિઝ્મ ડે :

તા.૩ એપ્રિલના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત કે.એન. શાહ અર્લી ઈન્ટરવેન્શન એન્ડ સ્કૂલ ફોર ધ ઓટિઝ્મ દ્વારા, **વર્લ્ડ ઓટિઝ્મ અવેરનેસ ડે** નું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમમાં



સ્વાગત પ્રવચન શ્રી જીજ્ઞાબેન સોલંકીએ કરેલ. જેમાં દિશા વિકાસ પ્રોજેકટના બાળકો દ્વારા ''જળ એજ જીવન'' થીમ ઉપર સુંદર માઈમ રજુ કરવામાં આવેલ, જે કૃતિની શ્રોતાગણ દ્વારા ખુબજ પ્રસંશા કરવામાં આવેલ.અમદાવાદનાં પ્રખ્યાત ન્યુરોસર્જન ડૉ. નિતીશ વોરા દ્વારા વાલીઓને માર્ગદર્શન આપી, મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ અંગેનો સેમિનાર કરવામાં આવેલ. વાલીઓની સહભાગીતા અને રિલેકસેશન માટે ખાસ અંતાક્ષરીનું પણ આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે સમાજ જાગૃતિ માટે **અવેરનેસ રેલી**નું પણ આયોજન કરવામાં આવેલ.

## સાફલ્ય ગાથા

**બાળકીનું નામ :** સિદાતર તબ્બસુમ ઈરફાનભાઈ,

**ઉંમર :** ૧૫ વર્ષ **ગામ :** ભાવનગર

**શિક્ષકનું નામ :** રીનાબેન આર. વસોયા

**દિવ્યાંગતાનો પ્રકાર :** ડાઉન સિન્ડ્રોમ

(બાળકી ઈન્ટલએચ્યુઅલ ડાઉન સિન્ડ્રોમની ૫૦% દિવ્યાંગતા ધરાવે છે.)

### સારવાર પહેલા :

બાળકી પ્રોજેકટમાં જોડાય ત્યારે ખૂબ જ જીદ્દી અને પોતાનું ધાર્યું કરવાવાળી હતી. ત્યારબાદ ધીમે-ધીમે પ્રોજેકટ સાથે સંકળાયા બાદ પ્રિ-વોકેશનલ કલાસમાં ખૂબ જ પ્રયત્ન કર્યો પછી તે ધીરે-ધીરે સેટ થવા લાગી.

### સારવાર બાદ :

બાળકી ધીમે-ધીમે કિચેન બનાવતા, થર્મ પ્રિન્ટ, કોડિયા તથા ગરબાને કલર કરી સ્ટોન લગાવતા શીખી છે. બાળકી ત્યારબાદ ધીમે-ધીમે પ્રોજેકટ સાથે સંકળાયા બાદ પ્રિ-વોકેશનલ કલાસમાં ખૂબ જ પ્રયત્ન સાથે મોતી પરોવતા શીખી છે. તેમજ પ્રિ-વોકેશનલ વર્ગમાં બનાવેલ અલગ-અલગ વસ્તુનું પેકિંગ પણ કરતા શીખી છે.

### ટ્રેનિંગ બાદ :

બાળકી પોતાના ઘરે પોતાના માતા-પિતાના વ્યવસાયમાં શિયાળાની સિઝનમાં શીંગપાક, તલપાક, દાળિયાપાક તથા સાનીનું પેકિંગ કરી પ્રાઈઝ સ્ટીકર લગાવતા શીખી છે. તેના ઘરના કામકાજમાં તથા મમ્મીને રસોઈ તથા ઘરકામમાં પણ મદદ કરે છે.

આમ, પ્રોજેકટમાં જોડાયા બાદ બાળકમાં ખૂબ જ પ્રોગ્રેસ જોવા મળેલ છે.



તબ્બસુમ



રીનાબેન



# એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ

✍ કૌશિક પરમાર



### પાયલને ખૂબ ખૂબ અભિનંદન :

એક પગે વિકલાંગ હોવા છતાં પ્રબળ આત્મવિશ્વાસ રાખી પાયલ બારૈયાએ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના નાનકડા ગામ કુડાને રમતગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકાવ્યું છે. એશિયાના ૧૬ દેશો વચ્ચે દોડની સ્પર્ધા યોજાયેલ જેમાં કુડા ગામની પાયલે ભાગ લીધેલ. એક પગે વિકટ શારિરીક વિકલાંગતા હોવા છતાં પાયલે અભ્યાસની સાથે સાથે રમત-ગમતમાં પણ રસ દાખવ્યો હતો. પોતાના ગામમાં રમત-ગમત માટે કોઈ ગ્રાઉન્ડની સુવિધા પણ ન હતી. ખેતર, વાડી વિસ્તારમાં દોડવાની સતત પ્રેકટીસ કરી. પરિવારની આર્થિક સ્થિતી મધ્યમ છે. પિતા હીરા ઘસવાનું કામ કરે છે અને માતા આંગણવાડી કાર્યકર છે. પાયલે વિકલાંગતાને નજર અંદાજ કરી, મહેનત કરી નાનકડા ગામમાંથી વિદેશની ધરતી પર જઈ મેડલ મેળવેલ છે અને પોતાના ગામને પણ ગૌરવ અપાવ્યું છે. એશિયન ટ્રેક




એન્ડ ટ્રેક ફેડરેશન ઈન્ડિયા દ્વારા પાંચમી દિવ્યાંગ રમતનું ભારતમાં દિલ્હી ખાતે તા. ૬-૭ જાન્યુઆરીના ૨૦૨૩ ના રોજ આયોજન થયેલ. જેમાં પાયલે પહેલો નંબર મેળવી ગોલ્ડ મેડલ જીતી સિદ્ધિ પ્રાપ્ત કરેલ. ત્યાર બાદ એશિયન ટ્રેક એન્ડ ટ્રેક ફેડરેશન ઈન્ડિયા દ્વારા જ ઈન્ટરનેશનલ પેરા-ઓલમ્પિકનું આયોજન કરવામાં આવેલ જેમાં પાયલે ભાગ લીધેલ અને તેમાં 'સી' ગ્રુપમાં ૧૦૦ મીટર દોડમાં પાયલને ગોલ્ડ મેડલ અને ૨૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ જીતીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે. ભાવનગરના ખ્યાતનામ વર્તમાનપત્રોએ પાયલની આ સિધ્ધીની નોંધ લઈ, સમાચાર પ્રકાશિત કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાયલ કાનજીભાઈ બારૈયાએ પી.એન.આર. સોસાયટી સંચાલિત એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટમાં અપાતી વિનામૂલ્યે કોમ્પ્યુટર તાલીમમાં એડમિશન મેળવી કોમ્પ્યુટરનું જ્ઞાન પણ પ્રાપ્ત કરેલ છે. આમ, પાયલને ભૂતપૂર્વ તાલીમાર્થી તરીકે પણ સંસ્થા વતી તેણીને ખૂબ-ખૂબ અભિનંદન.

## તળાજા તાલુકાના દિવ્યાંગોને ઓનલાઈન કોમ્પ્યુટર તાલીમ માટે લેપટોપ અપાયા :

PNR સોસાયટી ભાવનગર સંચાલિત એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ દ્વારા દિવ્યાંગોને પગભર કરવા છેલ્લાં ૨૩ વર્ષથી કોમ્પ્યુટર ટ્રેનિંગ દ્વારા વિવિધ કોર્સના અભ્યાસક્રમ કરાવવામાં આવે છે, જેમાં ભાવનગર જિલ્લામાં તાલુકા અને ગ્રામ્ય વિસ્તારમાં લેપટોપ દ્વારા ઓનલાઈન ટ્રેનિંગ પણ આપવામાં આવે છે. તા. ૨૧ એપ્રિલના રોજ આ ઈન્સ્ટિટ્યુટ દ્વારા તળાજા તાલુકાના ૨૮ દિવ્યાંગોને ઓનલાઈન ટ્રેનિંગ માટે લેપટોપ, ડોંગલ, પુસ્તકો વિગેરે આપવાનો કાર્યક્રમ સંસ્થામાં યોજાયો હતો. જેમાં માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે, દિવ્યાંગો માટે કાર્યરત PNR સોસાયટીની માહિતી આપી. આ ટ્રેનિંગને સાર્થક અને પરિણામલક્ષી બનાવવા ઉપસ્થિત તાલીમાર્થીઓને અપીલ કરી હતી.

આ પ્રસંગે સંસ્થાના ટ્રેઝરર શ્રી હર્ષકાન્તભાઈ રાખશિયા, હોસ્પિટલ કમિટીના ચેરમેન શ્રી મહાસુખભાઈ ઝકડિયા, સહ ચેરમેન શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, કોર્સ કો-ઓર્ડિનેટર શ્રી મેહુલભાઈ બુધેલિયા, શ્રી કૌશિકભાઈ પરમાર, શ્રી સુકેતુભાઈ શાહ વિગેરે ઉપસ્થિતોના હસ્તે લેપટોપ વિગેરે વિતરણ કર્યું હતું.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)

ગજાનંદ ભટ્ટ



## સંસ્થાનું અભિવાદન :

કલા, સંસ્કૃતિ તથા સેવાના સંસ્કારોની નગરી ભાવનગરમાં સંસ્કૃતિનો વારસો જાળવવાના હેતુથી છેલ્લા ૨૪ વર્ષથી સતત યોજાતા **એક્સલ એક્સપ્રેશનના વિનર શો** માં શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા, ભાવનગરના શ્રવણમંદ વિદ્યાર્થીઓના યોગદાનની નોંધ લઈને શાળાનું વિશેષ અભિવાદન કરવામાં આવેલ. તા. ૧૬ ફેબ્રુ. ՚૨૩ ના રોજ ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમમાં યોજાયેલ કાર્યક્રમમાં સુમિટોમો કેમિકલ્સ ઈન્ડિયા લિમિટેડના એમ.ડી. શ્રી સુનિલભાઈ તથા લોકભારતી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી ભદ્રાયુભાઈ વચ્છરાજાની પ્રેરક હાજરીમાં આ અભિવાદનની સ્મૃતિ ભેટ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી હર્ષાબેન આશરાએ સ્વીકારેલ છે. જે અભિનંદનને પાત્ર છે.

## પ્રવૃત્તિ દ્વારા ભાષા વિકાસ :

શાળાના પ્રાથમિક વિભાગમાં પ્રવૃત્તિ દ્વારા ભાષા વિકાસનું કાર્ય અવારનવાર વિવિધ વર્ગોમાં થઈ રહ્યું છે. આ અંતર્ગત ધો. ૪ અ-બ ના શિક્ષકો શ્રી ફાલ્ગુનીબેન મકવાણા તથા શ્રી અશોકભાઈ ખાટસુરિયાએ બંને વર્ગના બાળકોને સાથે રાખી રંગબેરંગી ફૂલોના



પરિચય સાથે હાર બનાવવાની પ્રવૃત્તિ કરેલ. જેમાં પ્રવીણતા મેળવી શકાય તો, ભવિષ્યમાં તે એક રોજગારનું સાધન બની શકે. અભિનંદન.

## ધો. ૮ ના બાળકોનો શુભેચ્છા સમારંભ :

તા. ૧૩ એપ્રિલ ՚૨૩ ના રોજ શાળાના ધો. ૮ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં નર્સરીથી ધો. ૮ સુધીમાં બાળકોએ કરેલ વિવિધ પ્રવૃતિનો વિડીયો શાળાના ઓડિટોરિયમમાં બતાવવામાં આવ્યો હતો. પછી દરેક વર્ગના બાળકોએ પોત-પોતાના અનુભવો, તેમજ ઘણી નવી-નવી શિક્ષણની ટેકનીકો, શિસ્તનું મહત્વ અને અવનવી પ્રવૃત્તિમાં ભાગ લઈને સર્વાંગિ વિકાસની સફરની વાત જણાવી હતી. અંતમાં દરેક બાળકને

એક કિચેન અને એક કેડબરી ચોકલેટ આપવામાં આવી હતી. આ શુભેચ્છા સમારંભમાં સંસ્થાના સ્થાપક શ્રી બાબાભાઈ, તેમના પત્ની શ્રી ઈલાબેન, તેમજ માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ પ્રેરક હાજરી આપી હતી. આ ઉપરાંત ધો. ૮ ના બાળકોએ બાબાભાઈને જન્મ દિવસની જુદી-જુદી ભેટ આપી હતી. અને બાળકોનો આવો પ્રેમ જોઈ તેઓએ આનંદ વ્યકત કર્યો હતો. અને બધા બાળકોને જીવનમાં ખૂબ આગળ વધો તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

## મધર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ :

શાળામાં મધર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ ચાલે છે. દર વર્ષે ઘણી માતાઓ આ તાલીમમાં આવે છે. આ તાલીમનો મુખ્ય હેતુ પોતાના શ્રવણમંદ બાળકનો ભાષા વિકાસ અને વાણી વિકાસ છે. આ તાલીમનો સમયગાળો ત્રણ મહિનાનો હોય છે. આ ત્રણ મહિના દરમિયાન માતાઓને ભાષા, મનોવિજ્ઞાન, ઓડિયોલોજી, વાણી જેવા વિષયોનું જ્ઞાન આપવામાં આવે છે, જે માતાઓને પોતાના બાળકના વિકાસમાં મદદરૂપ થાય છે. આ વર્ષે ૧૩ માતાઓએ આ તાલીમમાં ભાગ લીધો હતો. જેનો સર્ટિફીકેટ વિતરણ કાર્યક્રમ તા. ૧૩ એપ્રિલ`૨૩ ને ગુરૂવારના રોજ યોજાયેલ. જેમાં આપણી સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી શ્રી બાબાભાઈએ પ્રેરક હાજરી આપેલ અને બાળકોને કેવી રીતે વિકાસ કરવો તે અંગે માર્ગદર્શન આપેલ. આ ઉપરાંત આપણી સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા પણ ઉપસ્થિત રહેલ અને માતાઓને પ્રોત્સાહિત કરેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન મધર્સ ટ્રેનિંગ પ્રોગ્રામના કો-ઓર્ડિનેટર શ્રી ફાલ્ગુનીબહેન મકવાણાએ કરેલ.

## ઈસ્કોન કલબ :

શાળાના બાળકો તા. ૨૭ માર્ચ`૨૩ ને સોમવારે ઈસ્કોન કલબ ગયા હતા. ત્યાં તેના મુખ્ય હોલમાં બાળકોને ઈસ્કોન કલબમાં જોવા લાયક શું શું છે ? તેની સમજ, તેમજ દાતાશ્રી વિશેનો પરિચય આપવામાં આવ્યો. ત્યારબાદ બાળકો તેમની મનગમતી વાનગીઓ ભરપેટ જમ્યાં. પછી ડિસ્કો થેકમાં સંગીત સાથે ખૂબ ઝૂમ્યા. થિયેટરમાં



સ્પાઈડરમેન ફિલ્મ નિહાળી અને માટીકામમાંથી જુદી-જુદી વસ્તુઓ બનાવવા પર બાળકોએ હાથ અજમાવ્યો. ત્યારબાદ બધા બાળકો તેના વિશાળ બગીચામાં જુદી-જુદી રમતો રમ્યા. નાના ભૂલકાઓએ ઉઠક-બેઠક, હિંચકા અને લપસિયામાં બેસવાની મજા માણી. ઈસ્કોનમાં બાળકો અને શિક્ષકોને મુસ્કાન અપાવવા દાતા શ્રી હંસાબેન પત્તનાણી અને તેમના પતિ શ્રી દિનેશભાઈ પત્તનાણીએ સહયોગ આપ્યો હતો. સંસ્થાના માનદ્ મંત્રીશ્રીએ બંનેનો ખૂબ-ખૂબ આભાર માન્યો હતો. તેમજ તેમના પ્રાસંગિક ઉદ્દબોધનમાં દાતાશ્રીઓને સંસ્થાની જુદી-જુદી કામગીરીની ઝલક આપી હતી.

## ઓકટેન્ટ :



તા. ૯ એપ્રિલ`૨૩ ને રવિવારના રોજ શાળાના ધો. ૮ ના બાળકો અને શિક્ષકો ઓકટેન્ટ હોટલમાં જમવા ગયા હતાં. જયાં સો જેટલી વિવિધ વાનગીનો સ્વાદ માણ્યો હતો. આવા અવનવા સ્વાદની સંગત ડૉ. શ્રી સુશીલ બચાણી અને તેમના પરિવારજનોના સૌજન્યથી માણવા મળી હતી. શાળાના શિક્ષક શ્રી કીર્તિદિવભાઈએ આ આયોજનમાં સહયોગ આપ્યો હતો.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

જ્યોતિ ભટ્ટી



## શાળાની વિદ્યાર્થીનીઓની મુલાકાત :

શાળામાં તા. ૧૧ માર્ચ`૨૩ ના રોજ નંદકુંવરબા શાળાની ધો. ૧૧ ની વિદ્યાર્થીનીઓ તથા બે શિક્ષિકાઓ મુલાકાતે આવેલ. આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે દ્વારા તેઓનું શાળામાં સ્વાગત સાથે પુસ્તક આપી સન્માન કરીને, પ્રાર્થના બાદ આચાર્યશ્રી અશોકભાઈ ખાટસુરિયા દ્વારા શાળામાં થતી દરેક પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવેલ. ત્યારબાદ તેઓને શ્રવણમંદ વિદ્યાર્થીનીઓ દ્વારા A, B, C, D - Sign દ્વારા શીખવવામાં આવી. શાળાના દરેક વિભાગોની વિદ્યાર્થીનીઓને વિઝીટ કરાવવામાં આવેલ. તેઓએ ધો. ૧૧ ના શ્રવણમંદ બાળકો સાથે પ્રશ્નોત્તરી કરેલ અને ધો. ૧૧ ની વિદ્યાર્થીનીઓ સાથે પ્લે




પોસ્ટ વિભાગમાં પસંદગી પામતા વિદ્યાર્થીઓ

ગ્રાઉન્ડમાં રમત રમી સહૂએ ખૂબ આનંદ કર્યો. સમગ્ર માર્ગદર્શન શ્રી જ્યોતિબેન ભટ્ટી તેમજ શ્રી વિશ્વાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું.

## 'સ્માર્ટ ટી.વી. દ્વારા શિક્ષણ' :

વિશ્વમાં અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ સાથે દરેક ક્ષેત્રમાં ખૂબ ઝડપી વિકાસ થઈ રહ્યો છે, તેની સાથે શાળાના શ્રવણમંદ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ક્ષેત્રમાં વિકાસ હેતુથી એપ્રિલ`૨૩ માં સ્માર્ટ ટી.વી. દ્વારા શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં એક માધ્યમિક વિભાગ અને એક ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રાયોગિક ધોરણે મુકવામાં આવેલ છે. હાલ આ માધ્યમથી શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, જે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. શ્રવણમંદ બાળકોને શિક્ષણમાં Visual તથા Written Symbol ની વધુ જરૂરિયાત પડે છે. તેમજ પૂર્વજ્ઞાનના સંદર્ભે નવું જ્ઞાન Develop કરવામાં આવે છે, ત્યારે આ ટી.વી. ખૂબ જ ઉપયોગી રહ્યું છે. નેટ સાથે કનેકટ કરી ઓનલાઈન માહિતી આપી શકાય છે. શિક્ષકોએ જાતે મટીરીયલ તૈયાર કરેલ હોય, તે ડાયરેકટ મોબાઈલ દ્વારા કનેકટ કરી શીખવી શકાય છે. સ્માર્ટ ટી.વી., હાર્ડ બોર્ડ હોવાથી ડિજીટલ પેનથી લખીને સેવ પણ કરી શકાય છે, જેથી તે માહિતીનું દ્રષ્ટિકરણ સરળ અને ઝડપી બને છે. ઉપરાંત અક્ષરો ખૂબ મોટા દેખાતા હોવાથી ટી.વી. થી દૂર બેઠેલા વિદ્યાર્થીઓને પણ વાંચવામાં ખૂબ અનુકૂળતા રહે છે ચોકથી શરૂ કરી, માર્કર પેનની સફર ડિજીટલ પેન સુધી પહોંચી ગયાનો સૌને આનંદ છે. આ માટે સંસ્થાના હોદ્દેદારો શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી અમિતભાઈ શાહ, શ્રી જીતુભાઈ શાહ તેમજ આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેના નવી ટેકનોલોજી સાથે શિક્ષણ માટેના પ્રયત્નો ખૂબ સરાહનીય છે.

## પોસ્ટ વિભાગમાં પસંદગી પામતા વિદ્યાર્થીઓ :

ભારત સરકારના પોસ્ટ વિભાગમાં આ વખતે પાંચ મૂક-બધિર વિદ્યાર્થીઓએ નોકરી પ્રાપ્ત કરેલ છે. સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા પોસ્ટ વિભાગમાં સમયાંતરે વિવિધ જગ્યાઓ માટે ભરતી આવતી હોય છે. જેમાં સમગ્ર ગુજરાતમાં મેરીટના આધારે ઉમેદવારની પસંદગી થતી હોય છે. આપણા માટે ખૂબ ગૌરવની વાત એ છે કે શાળાના ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ મેરિટમાં અગ્રેસર રહીને પોસ્ટ વિભાગમાં નોકરી મેળવવા હકદાર બન્યા છે. જેમાં ૧. સતીષ મકવાણા, ૨. પ્રિતી વાગડિયા, ૩. પાયલ કાછડ, ૪. ક્રિપાલસિંહ સિસોદિયા અને ૫. જયોતિ ડોડિયા છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૭ વિદ્યાર્થીઓએ આ જ પ્રકારે પોસ્ટમાં મેરીટના આધારે નોકરી પ્રાપ્ત કરી છે. આમ દર વર્ષે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી ૧૨ થી ૧૫% વિદ્યાર્થીઓને કેન્દ્ર સરકારની સરકારી નોકરી પ્રાપ્ત થાય છે, જે કોઈપણ સંસ્થા માટેની સૌથી શ્રેષ્ઠ ગૌરવપ્રદ બાબત ગણાય. મૂક-બધિર વિદ્યાર્થીઓને સ્વાવલંબી અને આત્મસન્માન સાથે જીવન જીવવામાં સંસ્થા દ્વારા કરવામાં આવતો આ સરાહનિય પ્રયાસ છે.



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



✍ વિપુલ જેઠવા

● માર્ચ `૨૩ માં લોકલ લેવલે કુલ ૧૮૮ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં આશરે ૩૨૩ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૨, અડધા પગ-૨, ની-બ્રેસ-૨૨૯, નાઈટ સ્પીલન્ટ-૨, સ્પાઈનલ ઓર્થોસિસ-૭, કેલિપર-૮, એ.એફ.ઓ.-૧૨, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૧૨, ઓર્થોશુઝ-૫ જોડી તથા ૪૪ જુદા જુદા સાધનો જેવા કે, વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ, રીપેરિંગ કામ વિગેરે પૂરાં પાડવામાં આવેલ હતાં. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન પેમેન્ટથી પૂરૂં પાડવામાં આવેલ હતું.

● માર્ચ `૨૩ માં કૃત્રિમ હાથ-પગનો કેમ્પ ડૉ. નાયક દ્વારા, રાયગઢ (છત્તીસગઢ) મુકામે યોજાયેલ. જેમાં ૮૫ લાભાર્થીઓને ૨૮ આખા પગ અને ૫૯ લાભાર્થીઓને અડધા પગ પૂરાં પાડવામાં આવેલ હતાં. ઉપરાંત ડૉ. વિપુલભાઈ જેઠવા દ્વારા લોકલ લેવલે ૧૩ લાભાર્થીઓને ૬ આખા પગ અને ૮ અડધા પગ પૂરાં પાડવામાં આવેલ હતાં.

● સંસ્થાના સિનિયર ડૉ. નાયક દ્વારા માર્ચ `૨૩માં પુના, મુંબઈ, બેંગ્લોર મુકામે ની-બ્રેસ કેમ્પ યોજાયેલ. જેમાં ૧૦૦ જેટલી ની-બ્રેસ બનાવેલ હતી.



# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
# શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
# (હિયરિંગ ઈમ્પાયર્ડ)

✍ ડો. સંતોષ યાદવ



## રિસર્ચ પેપર પબ્લિકેશન :

| ક્રમ | રિસર્ચ પેપર | વિષય | પબ્લિકેશન વિગત | | |
|---|---|---|---|---|---|
| | | | બુક | વોલ્યુમ | ઈસ્યુ |
| ૦૧. | શ્રી અભિષેક યાદવ | Recognication of Mental Helth Issues In A School Setup | Internationsl Journal of Research In Engineerion Technology | VOLU ME-7 | ISSU E-6,2022 |
| ૦૨. | શ્રી અભિષેક યાદવ | Challenges Face In Using Technology In Education For Hearing Impair Children International Journal of | Internationsl Journal of Research In Engineerion Research Publcation And Review | VOLU ME-7<br>VOLU ME-3 | ISSU E-6,2022<br>DEC.,2022 |
| ૦૩. | શ્રી અભિષેક યાદવ | Challenges Face By Pre-service Teacher Without Observing In Special School | Internationsl Research Journal of Modernization In Engeeniring Technology And Science (Irjmets) | VOLU ME-7<br>VOLUME-5 | ISSU E-6,2022<br>ISSU E-1, Jan. 2023 |
| ૦૪. | ડૉ. સંતોષ યાદવ | Perspective of Proncipals Toward 'Pragna' for Students With Sensory Disability In Mainstreame Primary Schools | Internationsl Research Journal of Modernization In Engeeniring Journal of Xidian University Issn 100 12400 | VOLU ME-7<br>VOLU ME-5<br>VOLU ME-17 | ISSU E-6,2022<br>ISSU E-1, Jan. 2023<br>ISSU E-2, Feb. 2023 |
| **રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન :** | | | | | |
| ૦૧. | શ્રી અજીતભાઈ | One Day International Workshop on "Recent Trends On Reserch Methodologies And Communication Skill<br>Study Of Challenges In Mathematics In Children With Hearing Disability | Nehrugram Bharati University Prayagraj (U.P.) | VOLU ME-7<br>-<br>- | ISSU E-6,2022<br>Jan. - 2023<br>Jan. - 2023 |

## સેમિનાર

| ક્રમ | તારીખ | કોલેજ / શાળાનું નામ | લેક્ચર લેનારનું નામ | વિગત |
|---|---|---|---|---|
| ૦૧. | ૩૧-૧-૨૩ | વી.પી. કાપડિયા કોલેજ | શ્રી અજીતભાઈ | વિદ્યાર્થીઓમાં દિવ્યાંગતાના ક્ષેત્રમાં. |
| ૦૨. | ૪-૨-૨૩ | શામળદાસ આર્ટ્સ કોલેજ | ડૉ. સંતોષ યાદવ | રોજગારીની વધતી તકો વિશે. |
| ૦૩. | ૪-૨-૨૩ | સર પી.પી. ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ કોલેજ | ડૉ. સંતોષ યાદવ | જાગૃતતા ફેલાવવા માટે એક. સેમિનારનું આયોજન કરવામાં |
| ૦૪. | ૬-૨-૨૩ | એલ.આર. વળીયા કોલેજ | ડૉ. સંતોષ યાદવ | આવેલ. |
| ૦૫. | ૧૩-૨-૨૩ | રેનેસાં હાયર સેકન્ડરી સ્કૂલ | શ્રી અજીતભાઈ અને શ્રી દયાબેન વકાણી | |

## પ્રેક્ટિકલ ફાઈનલ પરીક્ષા :

બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) બેચના તાલીમાર્થીઓની પ્રેક્ટિકલ ફાઈનલ લેશન પરીક્ષા શ્રી દયાબેન વકાણીએ ઈન્ટરનલ એક્ઝામિનર તરીકે, યુનિવર્સિટી દ્વારા એક્સટર્નલ પરીક્ષા યોજાય જેમાં ઉપરોકત બંને પરીક્ષામાં શ્રી જયોતિબેન બારૈયાએ એક્ઝામિનર તરીકે ફરજ બજાવેલ.



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

✍ નેહલ ગઢવી



## દિવ્યાંજલી :

તા. ૧૨ માર્ચ `૨૩ ના રોજ સંસ્થાના માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠના માતૃશ્રી સ્વ. સરલાબેન કનૈયાલાલ શેઠના ગૌલોકવાસથી સંસ્થા પરિવાર ઊંડા શોકની લાગણી અનુભવે છે. તેઓ ધર્મ પરાયણ, દયાળુ, કુટુંબ વત્સલ છતા સાંસારિક આસક્તિઓથી મુકત હતા. તેઓ ૮૯ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવી હર્યો ભર્યો લીલોછમ સુખી પરિવાર છોડીને પંચમહાભુતમાં લીન થયા છે. અંકુર પરિવાર વિશાદની આ ઘડીએ આપના દુઃખમાં સહભાગી છે. સૌ આપ્તજનોને સાંત્વન અને દિલસોજી પાઠવતા તે દિવ્યાત્માને મૌન ભાવાંજલિ સાથે દિવ્યાંજલી પાઠવે છે.

## સરાહનિય કાર્ય :

PNR સોસાયટીના પાયાના કાર્યકર તથા શાળાના ભુતપૂર્વ માનદ મંત્રી સ્વ. શ્રી અનંતરાય એ. શાહ (મફતભાઈ) એ આજથી આશરે ૧૦ વર્ષ પહેલા શાળાના ૨૦ બાળકોનું એક લીસ્ટ તૈયાર કરી તેમને રૂા. ૫૦૦/- નું એક કવર આપવાનુ નક્કી કર્યું હતું. તેમની આ અંતિમ ઈચ્છાને પૂર્ણ કરતા તેમના પુત્રી શ્રી રેશ્માબેન દ્વારા તાજેતરમાં લીસ્ટ મુજબના ૨૦ બાળકોને રૂા. ૫૦૦/- નું કવર આપી તેમને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ પાઠવેલ.

## ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

### ધ ફૂડ કાર્નિવલ - ૨૦૨૩ :

તા. ૨૮, ૨૯ જાન્યુ. `૨૩ દરમિયાન ગુલિસ્તા ગ્રાઉન્ડ ખાતે **ધ ફૂડ કાર્નિવલ સિઝન-૨** નું આયોજન કરવામાં આવેલ.

જેમાં શાળાના 'ભાનુવાડી' વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં મંદબુધ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવતી વિવિધ વસ્તુઓ જેવી કે, તોરણ, હેગિંગ, શોપિંગ બેગ, કુશન કવર, આસનનું એકઝીબિશન કમ સેલ રાખવામાં આવેલ. જેમાં ભાવેણાની જનતાનો સુંદર પ્રતિસાદ મળેલ.

### અમદાવાદ ખાતે એક્ઝિબીશનમાં શાળાનું પ્રતિનિધિત્વ :

તા. ૩ માર્ચ `૨૩ થી તા. ૫ માર્ચ `૨૩ દરમિયાન મહિલા ચેરિટેબલ ટ્રસ્ટ - અમદાવાદ દ્વારા નિકોલ ખાતે શાળાના શિક્ષક શ્રી નેહલબેન ગઢવીના પ્રયત્નોથી શાળાના ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરના મનોદિવ્યાંગ બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ વસ્તુઓનું એક્ઝિબીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો અમદાવાદ વાસીઓએ સુંદર પ્રતિસાદ આપેલ.



# સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર આઈ.ડી. ચિલ્ડ્રન

✍ ડો. ભાવિકા કામદાર



## માહિમકૃતિની પ્રસ્તૃતિ :



શાળામાં ૭૪માં પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવેલ. જેમાં ટીચર્સ ટ્રેનિંગ કોલેજના પ્રથમવર્ષના તાલીમાર્થીઓએ દેશભક્તિના ગીત પર સુંદર **માહિમકૃતિ** રજૂ કરેલ. કો-ઓર્ડિનેટર ડૉ. શ્રી ભાવિકાબેન કામદાર તથા શ્રી ખુશ્બુબેન ચૌહાણે આ કૃતિની સુંદર કોરીયોગ્રાફી કરેલ.

## હોળી પર્વની ઉજવણી :

સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કોલેજના પ્રથમ તથા બીજા વર્ષના તાલીમાર્થીઓ દ્વારા શાળાના કેમ્પસમાં હર્ષોલ્લાસ સાથે **હોળી પર્વ**ની ઉજવણી કરવામાં આવેલ. આ ઉજવણીની વિશેષતા એ હતી કે તાલીમાર્થીઓ દ્વારા વિવિધ રાજ્યો, પ્રાંતના અને સંસ્કૃતિના લોકો હોળીની ઉજવણી કઈ રીતે કરે છે તેની ટેબ્લો દ્વારા સુંદર પ્રસ્તૃતિ કરેલ. કો-ઓર્ડિનેટર ડૉ. શ્રી ભાવિકાબેન કામદારના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયેલ.

## વિશ્વ ઓટિઝમ ડે અવેરનેસ પ્રોગ્રામ :

સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી સ્પેશ્યલ એજયુકેશનલ (IDD) ટીચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા તેના પ્રોજેકટના ભાગરૂપે તારીખ ૨જી એપ્રિલ "World Autism Awareness Day" સંદર્ભે ભાવનગર શહેરની વિવિધ શાળાઓમાં જઈ ઓટિઝમ એટલે શું ?, તેના લક્ષણો, કારણો અને વર્તણૂંક સમસ્યા અને સમાધાન, તેમજ તેને આપવામાં આવતી વિવિધ થેરાપીઓ અને સ્પેશ્યલ એજયુકેશન વિશે ચાર્ટ, ફલેશ કાર્ડ, નાટકો દ્વારા અત્યંત ઝીણવટપૂર્વક ઉપયોગી માહિતી આપી અને સામાન્ય શાળાઓના અને વિદ્યાર્થીઓમાં પણ ઓટિઝમ અંગે અવેરનેસ લાવવાના ઉમદા પ્રયાસો કરવામાં આવેલ અને સાચા અર્થમાં "World Autism Awareness Day" સાર્થક કરવાનો પ્રયાસ કરેલ. કોલેજના કો-ઓર્ડિર્નેટર ડૉ. શ્રી ભાવિકાબેન કામદારે આ અંગે દરેક તાલીમાર્થીઓને જરૂરી ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડી આ અવેરનેસ પ્રોગ્રામને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવેલ.

# ૧ થી ૩૦ એપ્રિલ ૨૦૨૩ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Aakeen Sohil Shah - Mumbai | 50,000 |
| Shri Indravadan Manilal Desai - Daman | 5,000 |
| Shri Bhupendra Himmatlal Shah - Mumbai | 1,25,000 |
| Shri Uday Kishorbhai Amin - Vadodara | 50,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Gadhia Chhaganlal Gokalbhai - Rajkot | 1,25,000 |
| Shri Ramesh Premajibhai Jotani - Rajkot | 11,000 |
| Shri Bharat Rajnikant Pandya - Bhavnagar | 21,000 |
| Shri Harashadbhai Kantilal Shah - Bhavnagar | 1,000 |

### CSR

| | Rs. |
|---|---|
| Shri Hindustan Pencils Pvt Ltd - Mumbai | 10,00,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Hardikkumar Jayantibhai Pansuriya - Bhavnagar | 4,000 |
| Shri Chirag Jasvantrai Parekh - Mumbai | 10,000 |
| Shri Pradipbhai Hargovinddas Parmar - Bhavnagar | 15,000 |
| Shri Rotary Club Of Puna University Charitable Trust - Pune | 50,000 |
| Shri Jay Sureshbhai Kukadia - Surat | 10,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Kiritkumar Girdharlal Shah - Mumbai | 21,000 |
| Shri Anil P. Parekh - Mumbai | 27,300 |
| M/S. Indian Chemical Corporation - Mumbai | 27,300 |
| Shri Gopalharshadrai Joshi - Bhavnagar | 8,000 |
| Shri Nitaben H. Joshi - Bhavnagar | 2,000 |
| Shri Bhavnaben Sudhir J. Parekh - Bhavnagar | 2,500 |
| Shri Srunaben K. Shah - Mumbai | 1,00,000 |
| Late Bhupatrai Hemchand Shah - Mumbai | 12,000 |
| Shri Smita Shaileshbhai Mehta - Bhavnagar | 10,000 |
| Shri Prakash R. Muni - Mumbai | 10,000 |
| Shri Jalpaben Rathod - Bhavnagar | 1,960 |
| Shri Himali Ankit Sheth - Bhavnagar | 10,000 |
| Shri Himali Ankit Sheth - Bhavnagar | 4,000 |
| Shri Himali Ankit Sheth - Bhavnagar | 1,000 |
| Shri Himali Ankit Sheth - Bhavnagar | 1,000 |
| Shri Laxmi A. Parmar - Bhavnagar | 6,000 |
| Late Allabhai Gilabhai Dangar - Bhavnagar | 16,000 |
| Late Aniruddhsinh Ghanshyamsinh - Bhavnagar | 3,000 |
| Shri Kamleshbhai H. Bhatt - Bhavnagar | 2,000 |
| Jay Adinath Bhakti Group - Bhavnagar | 6,000 |
| Late Danabhai Kuvadiya - Bhavnagar | 6,000 |
| Shri Jasumatiben Chimanlal Vasa - Mumbai | 10,000 |
| Late Raghuvirsinh Jadeja - Bhavnagar | 4,500 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Shri Ronak Bhupendra Mehta - Mumbai | 1,08,108 |
| Shri Bhupendra Hiralal Mehta - Mumbai | 1,08,108 |
| Shri Beejal Bhupendra Mehta - Mumbai | 1,08,108 |
| Shri Rameshbhai Dinkarbhai Patel - Ahmedabad | 1,00,001 |
| Shri Shailaben Navinchandra Shah-Bhavnagar | 50,000 |
| Shri Ushaben Harshvadan Bhatt - Surendranagar | 50,000 |
| Shri Bhupendrakumar Gandalal Nayee - Ahmedabad | 49,886 |
| Shri Pradipbhai Shah - Mumbai | 25,000 |
| Shri Payalben Markandrai Mehta-Bhavnagar | 11,111 |
| Shri Gunvantrai Mehta - Bhavnagar | 11,000 |
| Shri Labhubhai Mavjibhai Kambad-Ahmedabad | 11,000 |
| Shri Rajendrasinh Muljibhai Sayania - Bharuch | 10,000 |
| Shri Sudhiranjan Sahoo - Bhavnagar | 10,000 |
| Shri Nehalben R. Gadhavi - Bhavnagar | 5,000 |
| Shri Nitinkumar Hiralal Badheka - Bhavnagar | 5,000 |
| Shri Prakashbhai Relvani - Bhavnagar | 2,000 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| | Rs. |
|---|---|
| M/S. Kilitch Healthcare India Ltd - Mumbai | 11,000 |
| Shri Gautambhai Kuberbhai Patel - Mumbai | 15,000 |

# પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર



ડૉ. કવિતાબેન પી. શાહ ને ડૉક્ટરેટની પદવી...



AT & T માં લેપટોપ વિતરણ...




કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ રેલી...




કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ ફ્લેમિંગો ઈકો કલબ...



ડાઉન સિન્ડ્રોમ ડે - 'જળ એ જ જીવન'



જ્યોતિ દલાલ મહિલા પ્રગતિ કેન્દ્ર સર્ટિફીકેટ વિતરણ...



ભાનુવાડી વોકેશનલ સેન્ટર 'અંકુર'...



સી.પી. સ્કૂલ વાર્ષિક સ્ટાફ મિટીંગ...

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 May - 2023 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com